REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

L. XLV ] TUESDAY, 10th FEBRUARY, 2004/MAGHA 21, 1925 [ No. 10

te paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

**PART-II** **EXTRAORDINARY**

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

### અધિસૂચના

**ક્રમાંક : ટી.પી.એસ./જનરલ/૨૭૨૭**

ટાઉન પ્લાનીંગ સ્કીમ અમદાવાદ નં. ૬૨-(નારોલ-રાણીપુર)ની યોજના તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

સને ૧૯૭૬ના ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટની કલમ-૨૩(૧)(૨) અનુસાર મળેલી સત્તાની રૂએ ટા.પ્લા. કમિટી ઠરાવ નં.૪૦, તા.૨૨/૧૨/૨૦૦૩ તથા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના જનરલ બોર્ડના ઠરાવ નં. ૮૦૧, તા.૨૭/૦૧/૨૦૦૪થી મ્યુનિ. કમિશનરશ્રીએ સંબંધિત નકશામાં ગુલાબી રંગની ઘેરી કિનારીથી દર્શાવેલ છે. તે વિસ્તાર માટેની ટા. પ્લા. સ્કીમ અમદાવાદ નં. ૬૨-(નારોલ-રાણીપુર) જેને હવે મુખ્ય યોજના તરીકે ઓળખવામાં આવે છે તેમાં યોજના તૈયાર કરવાનો ઈરાદો સદર કાયદાની કલમ ૪૧(૧) હેઠળ જાહેર કર્યો છે.

સદરહુ યોજનાનો સૂચિત વિસ્તાર દર્શાવતા નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદના ચીફ સીટી પ્લાનરશ્રીની મધ્યસ્થ કચેરીમાં કામકાજના દિવસો અને સમય દરમ્યાન ખુલ્લી મુકવામાં આવી છે.

સદર યોજનાની ચતુઃસીમા નીચે મુજબ છે.

**ઉત્તરે** : સૂચિત ટી.પી.સ્કીમ નં.૬૩(ઇસનપુર-વેસ્ટ)ની હદ

**દક્ષિણે** : સૂચિત ટી.પી.સ્કીમ નં.૬૧(નારોલ-શાહવાડી-વેસ્ટ)ની હદ

**પૂર્વે** : ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૫૫(ઇસનપુર-સાઉથ)ની હદ

**પશ્ચિમે** : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ.

**ટા. પ્લા. કમિટી ઠરાવ નં. ૪૩, તા.૨૨/૧૨/૨૦૦૩**

**ઠરાવ કર્યો કે મ્યુ. કમિ.શ્રીના પત્ર નં. ટી.પી.એસ./જન/૨૭૩૩, તા.૦૬/૧૨/૨૦૦૩ની સઘળી હકીકતથી વિદિત થઈ, ટા. પ્લા. ક. ઠ. નં.૫૫/તા.૨૦/૦૧/૨૦૦૩ તથા મ્યુ. કો. ઠ. નં.૮૪૧/તા.૨૫/૦૨/૨૦૦૩** અનુસાર મુખ્ય નગર નિયોજકશ્રીના મેળવવામાં આવેલ પરામર્શ-અભિપ્રાય મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારની નગર રચના યોજના અમદાવાદ નં.૯૪-(હાથીજણ-રોપડા) બનાવવા ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ ૪૧ની જોગવાઈ હેઠળ સદર સ્કીમ બનાવવાનો ઈરાદો જાહેર કરવા, સદરહુ એક્ટના રૂલ્સ-૧૭ મુજબ પબ્લીક મીટીંગ યોજવા તથા સદર એક્ટની કલમ-૪૨ની જોગવાઈ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના પ્રસિધ્ધ કરવા સુધીની તમામ કાર્યવાહી કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીને સત્તા આપવાની મંજુરી આપવા મ્યુ.કોર્પો.ને ભલામણ કરવામાં આવે છે.

**મ્યુનિ. કોર્પોરેશન ઠરાવ નં.૮૦૪, તા. ૨૭/૦૧/૨૦૦૪**

ઠરાવ કર્યો કે ટાઉન પ્લાનીંગ ક.ઠ.નં. ૪૩, તા.૨૨-૧૨-૨૦૦૩ની મંજૂરી આપવામાં આવે છે.

આર. કે. ત્રિપાઠી,
મ્યુનિસિપલ કમિશનર,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.

સીટી પ્લાનીંગ ખાતુ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,
ત્રીજો માળ, સરદાર પટેલ ભવન,
દાણાપીઠ, અમદાવાદ -૩૮૦૦૦૧.

---

## નગર રચના યોજના નં. ૩૬ (વરીયાવ) (સુડા) સુરત.

### અધિસુચના

**નં. સુડા/પુ.૩/ટી.પી.એસ.-૩૬(વરિયાવ)/૦૪.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના ઠરાવ નં. ૨૩૦૭(૧) તા. ૩૧-૧-૨૦૦૪ થી** ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ અન્વયે, મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે તે નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ વિસ્તાર માટે નગર રચના યોજના નં. ૩૬ (વરીયાવ) જેની ચતુઃસીમા **"પરિશિષ્ટ-અ" મુજબની છે. તે તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની નકલ સુરત શહેરી વિકાસ સત્તામંડળની** કચેરી "સુડા ભવન", કલેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે આવેલ કચેરીમાં જાહેર રજાઓના દિવસો સિવાયના **કામકાજના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.**

### પરિશિષ્ટ-અ.

ચતુઃસીમા :

નગર રચના યોજના નં. ૩૬ (વરીયાવ) (સુડા) સુરત.

ઉત્તરે : (સૂચિત) નગર રચના યોજના નં. ૩૭ (વરીયાવ) (સુડા) સુરત મોજે વરિયાવ બ્લોક નં. ૧૧૯૨/પૈકી થી ૧૧૯૬/પૈકી ૧૧૮૧/પૈકી, ૧૧૮૨/પૈકી, ૧૧૭૪/પૈકી વિગેરે.

દક્ષિણે : છાપરાભાઠા ગામનો સીમાડો, તથા લાગુ તાપી નદી પાળાની હદ.

પૂર્વે : લાગુ કોસાડના બ્લોક નં. ૮૧૯/૨ તથા વરિયાવના બ્લોક નં. ૧૨૫૬/પૈકી, ૧૨૫૭, ૧૨૫૮, ૧૨૫૫, વિગેરે.

પશ્ચિમે : લાગુ (સૂચિત) નગર રચના યોજના નં. ૩૭ (વરિયાવ)ની હદ.

સદરહું નગર રચના યોજનાની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોના બ્લોક નંબરોની યાદી : મોજે વરિયાવના બ્લોક નંબર :

**૧૧૭૩/પૈકી, ૧૧૭૪/પૈકી, ૧૧૮૧/પૈકી, ૧૧૮૨/પૈકી, ૧૧૯૨/પૈકી થી ૧૧૯૬/પૈકી, ૧૨૪૨ થી ૧૨૫૪ ૧૨૫૬/પૈકી, ૧૨૫૯ થી ૧૨૮૨, ૧૨૮૩/૧, ૧૨૮૩/૨, ૧૨૮૪ થી ૧૨૮૬, ૧૨૮૭/૧ ૧૨૮૭/૨, ૧૨૮૮, ૧૨૮૯/૧, ૧૨૮૯/૨, ૧૨૯૦, ૧૨૯૧ થી ૧૩૨૮, ૧૩૨૯/પૈકી. તથા હયાત મારગ, ખાડી કેનાલની જમીનો.**

સુરત, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૪.

બોર્ડ બેઠક નં. ૧૯૦ તા. ૩૧/૧/૨૦૦૪.

કામ નંબર : ૬ (૧)

**મોજે વરિયાવ તા. ચોર્યાસી વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ) તૈયાર કરવા અંગે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની ક્લમ-૪૧ હેઠળ સદરહું યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.**

ઠરાવ નં. : ૨૩૦૭ (૧)

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે વરિયાવ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ) સુડા : સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજૂર થઈ આવેલ હદ નકશા તથા સર્વે થયેલ ઓ. પી. પ્લાન વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ અને તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોશ્રીને આપવામાં આવી, સદરહું બાબતે સઘળી વિગતોની ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યું કે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની ક્લમ-૨૨ની પેટા ક્લમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેર વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રીના પ્રતિનિધિ સાથે વિચાર-વિનિમય કર્યા પછી ઠરાવે છે કે સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પીન્ક (ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મેજે વરિયાવ, તા. ચોર્યાસી વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ) સુડા, સુરત. બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની ક્લમ-૪૧ (૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાન પત્રમાં તથા સરકારશ્રીના રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં, સરકારશ્રીના તા. ૧૧/૧૦/૯૯ ના પરિપત્રની વિગતોએ અત્રેના સત્તામંડળ દ્વારા તા. ૧૨/૩/૨૦૦૧ ના રોજ ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન પણ સબંધક જમીન માલિક/કબજેદાર દ્વારા કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકીરીશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

સર્વાનુમતે મંજુર

સુરત, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૪.